વણથાક્યા ચરણો મારા નિત તારી સમીપે ધાજો, હૈયાના પ્રત્યેક સ્પંદને, તારું નામ રટાજો...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૩૬ | ૨૫ જુલાઈ, ૨૦૨૦, શનિવાર; શ્રાવણ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૦૬૮ |
| અમદાવાદ | ૧૭૬ |
| ગાંધીનગર | ૨૭ |

# રાજસ્થાનના રાજકીય નાટકમાં નવો વળાંક

**ગેહલોત સંકટમાં : પાયલટને રાહત : સ્પીકર હાલ બળવાખોર ધારાસભ્યો પર કાર્યવાહી ન કરી શકેઃ રાજસ્થાન હાઇકોર્ટ : મુખ્યમંત્રી ગેહલોતે રાજ્યપાલ સમક્ષ વિધાનસભા સત્ર બોલાવવાની માંગ કરી, રાજ્યપાલે ઇન્કાર કરતાં કોંગી ધારાસભ્યો ધરણાં પર બેઠા અને વી વોન્ટ જસ્ટિસના નારા લગાવ્યા : સ્પીકર સીપી જોશીએ પાયલટ સહિત ૧૯ ધારાસભ્યોને ૧૪ જુલાઈએ નોટિસ પાઠવીને જવાબ માંગ્યો હતો : સચિન પાયલટના કેમ્પ તરફથી કેન્દ્ર સરકારને મામલામાં પક્ષકાર બનાવવાની અરજીને હાઈકોર્ટે સ્વીકારી લીધી**



જયપુર,તા.૨૪

સરકાર ઉથલાવવાના મામલે રાજસ્થાનના રાજકારણમાં ચાલી રહેલા વર્તમાન રાજકિય પરિસ્થિતિમાં કોંગ્રેસના બળવાખોર સચિન પાયલટ જુથને હાઈકોર્ટ તરફથી આજે શુક્રવારે વધુ રાહત મળી છે. અને મુખ્યમંત્રી અશોક ગેહલોતની હાલમાં પીછેહઠ થઈ હોય તેમ હાઈકોર્ટે વિધાનસભાના સ્પીકર સીપી જોષીએ બળવાખોરોને આપેલી કારણદર્શક નોટિસ પર રોક લગાવીને જૈસે થે (સ્ટેટસ ક્વો)ની સ્થિત જાળવી રાખવા આદેશ આપીને કેન્દ્ર સરકારને પક્ષકાર બનાવવાની પાયલટ જુથની અરજીને પણ માન્ય રાખતા કોંગ્રેસની આ આંતરિક રાજકિય અને કાયદાકિય લડાઈમાં હવે કેન્દ્ર સરકારની એન્ટ્રી થાય તેમ છે. એક રીતે જોતાં સ્પીકરને અને ગેહલોતને આંચકો લાગ્યો છે. મામલો હવે સુપ્રિમ કોર્ટમાં જાય તેમ છે.

રાજસ્થાન હાઈકોર્ટમાં સચિન પાઈલટને રાહત મળ્યા બાદ અશોક ગેહલોત જૂથમાં હલચલ તેજ થઈ ગઈ હતી. મુખ્યમંત્રી અશોક ગેહલોત તરફથી વિધાનસભા સત્ર

● અનુસંધાન પાન-૭ પર

## ભાજપે પાસા ફેંક્યા : તો સચીન પાયલોટને મુખ્યમંત્રી બનાવી શકે

### રાજસ્થાન હાઈકોર્ટનો ચુકાદો પહેલાં પૂનિયાનું નિવેદન

જયપુર, તા.૨૩

ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન સચિન પાયલોટ અને કોંગ્રેસના ૧૮ ધારાસભ્યોની અરજી અંગે હાઈકોર્ટના નિર્ણયને લઈને ભાજપના પ્રદેશ અધ્યક્ષ સતિષ પૂનીયાના નિવેદનેથી રાજસ્થાનમાં ભારે વાતાવરણ સર્જાયું છે. પૂનિયાને પૂછવામાં આવ્યું હતું કે શું પાઈલટ્સ રાજસ્થાનના સીએમ બની શકે? તો તેના જવાબમાં તેમણે કહ્યું કે ’જો સંજોગો મંજૂરી આપે તો સચિન પાયલોટ મુખ્ય પ્રધાન બની શકે છે. હકીકતમાં, તેમણે આ લક્ષ્યને ધ્યાનમાં રાખીને એક મોટું પગલું ભર્યું છે. આ મામલો હાલમાં કોર્ટમાં છે અને તેથી આ અંગે વધુ ટિપ્પણી કરવી ખૂબ જ વહેલા છે. સૌ પ્રથમ, તે પછીનું પગલું શું છે તે નક્કી કરવાનું સચિન પાયલોટનું છે અને ત્યારબાદ અમે ફરીથી તેના પર વિચાર કરીશું. પૂનિયાના આ નિવેદન બાદ રાજકીય કોરિડોરમાં નવી અટકળો શરૂ થઈ રહી છે. જો હાઈકોર્ટના નિર્ણયને સ્પીકરની કાર્યવાહીને સમર્થન આપવામાં આવે તો સચિન પાયલોટ સહિત ૧૮ ધારાસભ્યોની સંખ્યા ઓછી થઈ જશે. આનાથી અશોક ગેહલોતને બહુમતી સાબિત કરવા તેમજ ગૃહમાં હાલના સભ્યોની સંખ્યા ઘટાડવી સરળ બનશે. હાલમાં અશોક ગેહલોત દાવો કરે છે કે તેમની પાસે ૧૦૦ થી વધુ ધારાસભ્યો છે




અને જો પાયલોટ જૂથ બહાર આવે તો તેમને ગૃહમાં માત્ર ૯૧ ધારાસભ્યોની જરૂર પડે. પરંતુ જો કોર્ટ સચિન પાયલોટ અને બળવાખોર ધારાસભ્યોની તરફેણમાં નિર્ણય લે તો ગેહલોતની મુશ્કેલીઓ વધી શકે છે.

## અમેરિકામાં દર કલાકે કેસોમાં ૨૬૦૦નો વધારો

વોશિંગ્ટન, તા. ૨૪

અમેરિકામાં દર કલાકે કોરોનાના ૨૬૦૦ નવા કેસો નોંધાવાને પગલે કુલ કેસોની સંખ્યા ચાર મિલિયનના આંકડે પહોંચી રહી છે. અમેરિકામાં કોરોનાનો પહેલો કેસ ૨૧ જાન્યુઆરીએ નોંધાયો તે પછી કોરોનાના કેસની સંખ્યાને એક મિલિયને પહોંચતા ૯૮ દિવસ લાગ્યા હતા. બે મિલિયન કેસોની સંખ્યા થતાં ૪૩ દિવસ લાગ્યા હતા. જ્યારે ત્રણ મિલિયનનો આંકડો માત્ર ૨૭ દિવસમાં આંબી લેવામાં આવ્યો હતો. પરંતુ દર મિનિટે ૪૩ નવા કેસો નોંધાવાની સરેરાશ સાથે કોરોનાના કેસોની સંખ્યાને ત્રણથી ચાર મિલિયને પહોંચવામાં માત્ર ૧૬ દિવસ જ લાગ્યા છે. જે ૨૦ દેશોમાં આ મહામારી મોટાપાયે ફેલાઈ છે તેમાં અમેરિકા માથાદીઠ કેસોની સંખ્યામાં ચીલીને બાદ કરતાં દસ હજારે ૧૨૦ ચેપના કેસ સાથે બીજા ક્રમે છે. ૧,૪૩,૦૦૦ જણાના મોત સાથે અમેરિકા દુનિયામાં દર ૧૦૦૦૦ લોકોએ ૪.૪ના મૃત્યુ દર સાથે છઠ્ઠા ક્રમે છે.



# દેશમાં કોરોના ખતરનાક : ૨૪ કલાકમાં ૪૯૭૨૦ કેસ

**દેશમાં કોરોનાના કુલ કેસ ૧૩ લાખથી વધુ : ૩૦ હજારથી વધુના મોત : ૮.૧૭ લાખ દર્દીઓએ કોવિડ-૧૯ને મ્હાત આપી : ભારત કોરોના વાયરસના કેસના કુલ આંકડામાં ત્રીજા નંબરનો દેશ બન્યો**

ન્યુ દિલ્હી,તા.૨૪

દેશમાં કોરોના વાઈરસ બેફામ અને બેકાબુ બની ગયું હોય તેમ અનલોક-૨ના ૨૩મા દિવસે ગુરૂવારે ૪૯ હજાર કરતાં વધારે કેસો અને વધુ ૭૫૫ના મોત થયા હતા. બ્રાઝિલ પછી સૌથા વધુ કેસ ભારતમાં સામે આવી રહ્યાં છે. ભારતમાં કોરોનાએ હવે ૪૦ હજારની ઉંચાઈ પકડી હોય તેમ હવે છેલ્લાં ૩ દિવસથી ૪૦ હજારની ઉપર કેસો આવી રહ્યાં છે. કેસોના મામલામાં ભારતની આગળ હવે માત્ર અમેરિકા છે. દરમ્યાન, કોરોના મહામારીના કારણે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ ૨૭ જુલાઈના રોજ પોતાના જન્મદિવસની ઉજવણી ન કરવાનો નિર્ણય કર્યો છે. તો આ તરફ રેલવેએ જણાવ્યું કે, દેશમાં ૯ જુલાઈ સુધી ૪૧૬૫ શ્રમિક સ્પેશ્યલ ટ્રેન દોડાવાઈ છે. હવે તેની કોઈ માંગ નથી. ભોપાલમાં આજે શુક્રવાર રાતના ૮ વાગ્યાથી ૪ ઓગસ્ટની સવાર ૫ વાગ્યા સુધી ટોટલ લોકડાઉન રહેશે.

કોરોનાથી સંક્રમિત થનારા લોકોના કેસોમાં ભારતમાં ગુરુવાર બાદ ફરી રેકોર્ડ તૂટ્યો છે. શુક્રવાર સવારે જાહેર થયેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં ૪૯,૩૧૦ કોરોનાના કેસો સામે આવ્યા છે. તે સાથે દેશમાં કોરોના દર્દીઓની સંખ્યા ૧૨ લાખ ૮૮ હજાર ૧૩૦ થઈ ચુકી છે.. ગુરુવારે સૌથી વધુ મહારાષ્ટ્રમાં ૯,૮૯૫, આંધ્રપ્રદેશમાં ૭,૯૯૮, તમિલનાડુમાં ૬,૪૭૨ અને કર્ણાટકમાં ૫,૦૩૦ લોકોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ ઉપરાંત, કોરોના વાયરસના હવે ૪ લાખ ૪૦ હજાર ૧૩૫ એક્ટિવ કેસ છે. બીજી તરફ, ૮ લાખ ૧૭ હજાર ૨૦૯ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ભારતમાં અત્યાર સુધીમાં કુલ ૩૦,૬૦૧ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. વિશેષમાં, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ જાહેર કરેલા આંકડાઓ મુજબ, દેશમાં ૨૩ જુલાઈ સુધીમાં કુલ ૧,૫૪,૨૮,૧૭૦ કોરોનાના સેમ્પલ લેવામાં આવ્યા છે.

### કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૫૭૪૭૬૭૨ | ૬૩૮૨૯૧ | ૯૨૪૧૦૨૪ |
| ભારત | ૧૩૨૩૪૭૧ | ૩૧૧૧૨ | ૮૪૧૪૨૪ |
| ગુજરાત | ૫૩૬૩૧ | ૨૨૮૩ | ૩૮૮૩૦ |
| ગાંધીનગર | ૧૩૬૯ | ૭૨ | ૮૯૯ |

## ગુજરાત સહિતની પેટા ચૂંટણી યોજાશે -ચૂંટણી પંચ

ન્યુ દિલ્હી,તા.૨૪

ચૂંટણી પંચે શુક્રવારે જણાવ્યું હતું કે, દેશમાં કેટલીક વિધાનસભા બેઠકો અને એક લોકસભા બેઠકો પર પેટા ચૂંટણીનો કાર્યક્રમ યોગ્ય સમયે જાહેર કરવામાં આવશે. દેશમાં કુલ ૫૭ બેઠકો, ૫૬ વિધાનસભા બેઠકો તેમજ એક લોકસભા બેઠક ખાલી પડી છે. જો કે ચૂંટણી પંચે એ સ્પષ્ટ નથી કર્યું કે તમામ ખાલી પડેલી બેઠકો ઉપર પેટા ચૂંટણી યોજવા તારીખો નક્કી થઈ છે કે કેમ. ચૂંટણી પંચે તાજેતરમાં આઠ બેઠકો ઉપરની પેટા ચૂંટણી પૂર તેમજ કોરોનાની વર્તમાન પરિસ્થિતિને પગલે રદ કરવાની જાહેરાત કરી ત્યારબાદ એક બેઠક યોજી આ અંગે સ્પષ્ટતા કરી હતી.





